<table>
<tr><td rowspan="5">सत्यमेव जयते</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૭/૦૫/૨૦૨૫</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૧૭/૦૫/૨૦૨૫</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૦૪/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય ગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૦</td><td>૧૮</td></tr>
</table>

<u>ખેડા જિલ્લાના મહે. પાંચમાં અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમા,</u>

<u>મુકામ:- નડીયાદ.</u>

ફોજદારી અપીલ નં.૨૬૯/૨૫

આંક:-

એપેલન્ટ :- **(૧)** **અભીષેક ઘનશ્યામભાઈ રાઠોડ,**

મુળ આરોપી ઉ.વ.પુખ્ત, ધર્મે:- હિન્દુ,

રહે. ૨૪-શ્રીરજ સોસાયટી, પાયલ કોમ્પ્લેક્ષ

સામે, મુ. આણંદ, જી.આણંદ.

<u>-:વિરૂધ્ધ:-</u>

રીસ્પોન્ડન્ટ:- **(૧)** **મેઘા વિપુલભાઈ દશરથભાઈ**

મુળ ફરિયાદી ઉ.વ. આ.પુખ્ત, ધર્મે:-હિન્દુ,

રહે. ભોઈવાસ, મુ.ખેડા,

તા.ખેડા, જી.ખેડા.

(૨) **નામદાર સરકાર શ્રી,**

ડી.જી.પી.ઓફિસ, નડીઆદ

<u>બાબત:-</u> **<u>બી.એન.એસ.એસ-૨૦૨૩ ની કલમ-૪૧૫ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૭૪) મુજબ અપીલ.</u>**

એપેલન્ટ તરફે વિ.વ.શ્રી. ટી.વાય.સૈયદ
રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વ.શ્રી એમ.કે.જાદવ
રીસ્પોન્ડન્ટ નં.ર શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી વાય.કે.બારોટ

-::: ચુ કા દો :::-

(૧) હાલનાં એપેલન્ટ/મુળ આરોપી દ્વારા હાલની અપીલ ખેડાના મહેરબાન એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબશ્રીએ ફોજદારી કેસ નં.૪૭૦/૨૦૨૨ નાં કામે એપેલન્ટ/મુળ આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ દોષિત ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની હુકમ કરેલ છે. તેમજ આરોપીએ ક્રિમીનલ પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર તરીકે રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) ચુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસુર કર્યેથી આરોપીને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. જે હુકમથી નારાજ થઇ બી.એન.એસ.એસ.ની કલમ-૪૧૫ (ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૭૪(૩)) મુજબ હાલની અપીલ કરેલ છે. સદર અપીલ અત્રેની અદાલતમાં ઓફિસ ઓર્ડર નં.૨૬૯/૨૦૨૫ થી ટ્રાન્સફર થઇ આવેલ છે અને ત્યારબાદ એપેલન્ટ/મુળ આરોપીના વિ.વ.શ્રી તથા રીસ્પોન્ડન્ટ/મુળ ફરિયાદીનાં વિ.વ.શ્રીને સાંભળી સદર અપીલ આખરી ચુકાદા ઉપર મુકરર કરવામાં આવેલ છે .

(૨) ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી:-

(સરળતા ખાતર હવે પછી એપેલન્ટને ‘આરોપી’ તથા રીસ્પોન્ડન્ટને‘‘ફરિયાદી’’ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે .)

સદર કામે ફરિયાદી દ્વારા આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ નં.૪૭૦/૨૦૨૨ દાખલ કરેલ જેની ટૂંકમાં વિગતો નીચે મુજબ છે.

(૩) ફરિયાદની ટૂંકમાં હકીકત:-

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તેઓના પરીવાર સાથે ઉપર દર્શાવેલ નામ સરનારે રહે છે અને ખાનગી નોકરી તથા ખેતી કરી તેઓના પરીવારનું જીવન નિર્વાહ કરે છે. જયારે આ કામના આરોપી અભિષેક ઘનશ્યામભાઇ રાઠોડ નોકરી કરતા હોઈ અને તેઓના મિત્ર થતા, હોઈ અવાર નવાર મળતા હોઈ એક બીજાને મીત્ર તરીકે સારી રીતે ઓળખે છે. આરોપીએ ફરીયાદી પાસેથી આજથી ત્રણ માસ અગાઉ મળેલા અને જણાવેલ કે આ કામના આરોપીને લગ્નના કામ માટે નાણાંની જરૂર હોઈ રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) રોકડા ત્રણ માસ માટે હાથ ઉછીના આપો. જેથી આરોપી ઉપર ફરીયાદીને વિશ્વાસજન્ય સંબંધો હોઈ તેઓની વાત પર ભરોસો રાખી સદર રકમ હાથ ઉછીની આપેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસે હાથ ઉછીની રકમની માંગણી કરતા તેઓની પાસે રોકડા રૂપીયા ના હોઈ તેઓએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમનો " એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક લી., આણંદ" શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ રકમ રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) નો તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ તેઓની સહી કરી આરોપીએ ફરીયાદીને આપેલ અને જણાવેલ કે સદર ચેક બેંકમાં રજુ કરેથી તરતજ સ્વીકારાઇ જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ. જેથી ફરીયાદીએ આરોપી પર વિશ્વાસ રાખી ચેકનો સ્વીકાર કરેલ અને ફરીયાદીએ તેઓની બેંક, બેંક ઓફ બરોડા, ખેડા શાખાના ખાતા નં. ૧૩૯૦૦૧૦૦૦૨૧૪૦૦ માં તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ જમા કરાવેલ. જે ચેક નં. ૦૦૦૦૦૪ રકમ રૂ.૬,૫૦,૦૦૦/- નો બેંક દ્વારા ચેક અને રીટર્ન મેમો તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ " રીઝન નં. ૫૦- એકાઉન્ટ કલોઝડ " ના શેરા સાથે પરત આવેલો. જેની જાણ ફરીયાદીને તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ થયેલી. જેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા " હાલમાં અમો નાણાં ભીડમાં હોઈ નાણાંની કોઇ વ્યવસ્થા થઇ શકેલ નથી, તમારે જે કેસ કરવો હોય તે કરી લેજો." તેમ જણાવતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ આર.પી.એ.ડી.થી નોટીસ આપેલ જે

તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ મળી ગયેલ હોઈ તેમ છતાં નોટીસમાં દર્શાવેલ પ્રમાણે શરતોનું પાલન નહી કરેલ અને ચેકની રકમ પણ ચુકવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઇ ફરીયાદીએ હાલની ફરીયાદ કરી આરોપીને યોગ્ય નસિહત કરવા અરજ ગુજારેલ છે .

(૪) આરોપીની પ્લી:-

સદર ફરિયાદ અનુસંધાને ફરિયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ અને વેરીફીકેશનનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ફરિયાદીની ફરિયાદ દાખલ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૪ અન્વયે આરોપીને સમન્સ કરવામાં આવેલ અને આરોપી હાજર રહેતા નડીયાદનાં વિધ્વાન ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ.જયુડીશીયલ મેજી. શ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૨૦૮ અન્વયે આરોપીને પોલીસ પેપર્સ અને ફરિયાદની નકલો આપી વિચારવા માટે પુરતો અને વાજબી સમય આપી આરોપીની આંક-૦૬ થી પ્લી નોંધતા ગુનાનો ઇન્કાર કરેલ છે .

(૫) ફરિયાદપક્ષનો પુરાવો:-

-:મૌખિક પુરાવો:-

નં.	વિગત	આંક
૧.	ફરીયાદી વિપુલભાઇ દશરથભાઇ મેઘા પુરાવાનું સોગંદનામું	૦૫

-:દસ્તાવેજી પુરાવો:-

નં.	વિગત	આંક
૧.	ચેક નં.૦૦૦૦૪ અસલ	૦૯
૨.	બેંકની જમા રીસ્પીટ	૧૦
૩.	ચેક રીટર્ન થયા અંગેનો રીટર્ન મેમો	૧૧
૪.	આરોપીને મોકલેલ નોટીસ	૧૨
૫.	સદર નોટીસ આર.પી.એ.ડી. કરેલ પોસ્ટની અસલ રસીદ	૧૩

૬.	સદર નોટીસની બજવણી થયેલ જે આર.પી.એ.ડી. સ્લીપ અસલ	**૧૪**

(૬) આરોપીપક્ષના પુરાવા:-

-:મૌખિક પુરાવા:-

નં.	**વિગત**	**આંક**
૧.	અભિષેક ઘનશ્યામભાઈ રાઠોડનું સોગંદનામું	**૨૦**
૨.	કરણકુમાર મનીસકુમાર દવેનું સોગંદનામું	**૨૮**
૩.	ફેઝાનભાઇ અરીફભાઇ વોરાનું સોગંદનામું	**૩૦**
૪.	ઇમરાનભાઈ આયુબખાન પઠાણના પુરાવા	**૨૪**

-:: દસ્તાવેજી પુરાવા ::-

નં.	**વિગત**	**આંક**
૧.	ફરીયાદીનું બેંક સ્ટેટમેન્ટ	**૨૫**

(૭) વિધ્વાન ટ્રાયલ અદાલત દ્ધારા જજમેન્ટમાં ઘડવામાં આવેલ મુદ્દાઓ અને નિર્ણયો.

-:: મુદ્ધાઓ ::-

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદ વાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરનાં દેવાની ચુકવણી પેટે ફરિયાદીને લખી આપેલ જે નિયત સમયમાં વટાવવા ફરિયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકાર્યે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોસ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરિયાદવાળા ચેકની રકમ ફરિયાદીને ન ચુકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરે લ છે ?

૨. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો નીચે મુજબ છે .

૧. હકારમાં..

૨. આખરી હુકમ મુજબ.

(૯) ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદનઃ-

આ કામે ફરિયાદપક્ષના રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ અનુસંધાને આરોપીનું વિશેષ નિવેદન ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે, તેઓ વિરૂધ્ધ આ કામના ફરીયાદીએ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. સદર ચેક મિત્રતાના સંબંધો હોવાથી તેઓએ સદર ચેકમાં વધુ રકમ લખી ચેકનો મિસ યુઝ કરેલ છે.

(૧૦) <u>ટ્રાયલ કોર્ટનો ચુકાદોઃ-</u>

ફરિયાદપક્ષનાં રજુ પુરાવાઓ, ફરિયાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો ધ્યાને લઈ ટ્રાયલ અદાલતે આંક-૩૫ થી તા.૦૫/૧૦/૨૦૨૪ નાં રોજ આ કામનાં આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનાં ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની હુકમ કરેલ છે. તેમજ આરોપીએ ક્રિમીનલ પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર તરીકે રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) ચુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસુર કર્યેથી આરોપીને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે.

(૧૧) ટ્રાયલ અદાલતનાં હુકમથી નારાજ થઇ એપેલન્ટ/આરોપીએ હાલની અપીલ દાખલ કરી ટ્રાયલ અદાલતે અપીલ અદાલતમાંથી જામીનનો હુકમ મેળવવા અને અપીલ દાખલ કરવા દિન-૩૦ સુધીની મુદત માટે નો સજાનો હુકમ મોકુફ રાખી જામીન તથા જાત મુચરકા ઉપર મુકત કરેલ છે. ત્યારબાદ અત્રેની અદાલતમાં હાલની અપીલ દાખલ કરી અપીલ સાથે બી.એન.એસ.એસ.એકટની કલમ-૪૩૦ સાથે વાચંતા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૩૮૯(૩)અન્વયે ટ્રાયલ અદાલતનો હુકમ મોકુફ રાખી અપીલની સુનાવણી કરી આખરી નિકાલ કરવામાં આવે ત્યાં સુધી જામીન ઉપર મુકત કરવા અરજ

ગુજારેલ. જે અરજી લગત દિન-૩૦ માં ચેકની રકમનાં ૨૦ ટકા રકમ જમા કરાવવા તથા રૂા.૧૫,૦૦૦/- ના જામીન રજુ કર્યેથી શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરે લ છે .

(૧૨) અપીલ:-

આ કામનાં એપેલન્ટ/મુળ આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ સજાના હુકમ સામે કરવામાં આવેલ અપીલનું કામ ચાલે ત્યાં સુધી જામીન ઉપર મુકત કરવા માંગણી કરતા તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ.

(૧૩) નોટીસની બજવણી:-

એપેલન્ટની અપીલની નોટીસ રીસ્પોન્ડન્ટને બજી જતા રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વ.શ્રી એમ.કે.જાદવ તથા રીસ્પોન્ડન્ટ નં.ર શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી વાય.કે.બારોટ હાજર થયેલ છે .

(૧૪) પક્ષકારોનાં વિ.વ.શ્રીની દલીલો:-

સદર કામે એપેલન્ટ/મુળ આરોપીના વિ.વ.શ્રી ટી.વાય.સૈયદ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. એપેલન્ટ/આરોપીનાં વિ.વ.શ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે , આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે મીત્રતાના સંબંધો હોવાથી આરોપીએ ફરીયાદીના નામે આણંદ મુકામેથી, શામાખા ચોકડી પાસે આવેલ આણંદ મોટર્સ માંથી તા.૨૦/૨/૨૦૨૦ ના રોજ વીટારા બ્રેજા મારુતી સુઝુકીની ગાડી લેવા માટે આરોપી પાસે પુરતા નાણા ન હોય એચ.ડી.એફ.સી બેંકમાંથી ફરીયાદીના નામે લોન લીધેલ, જેના હપ્તા તેઓ ભરતા હતા અને ફરીયાદી તેમના બેંક ખાતામાંથી હપ્તો ચુકવતા હતા. અમુક વખત આરોપી ડાયરેકટ ફરીયાદીના લોન ખાતાનો હપ્તો ચુકવતા હતા. જે બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. વધુમાં આરોપીના વિ.વ.શ્રી એ તેમની દલીલ જણાવેલ છે કે, આરોપી પાસે ગાડી રહેતી હતી, આરોપીને નાણા ભીડ પડતા તેમના મીત્ર કરણભાઇ મનીસભાઇ દવે નાઓએ તેમની ઓળખાણમાં ગાડી ઉપર આરોપીને જરૂરીયાત મુજબ રૂ.૨,૫૦,૦૦૦/- પુરા આશરે જુલાઇ ૨૦૨૧ માં અપાવેલા. તે વ્યકતી નું નામ અશ્વીનભાઇ પટેલ હતું અને તેઓ મોરડ મુકામે રહેતા હતા. તેમને ત્યાં

ગાડી ગીરો મુકેલી જેની જાણ ફરીયાદીને થતા આરોપીને જણાવેલું કે, ગાડી ગીરવે કેમ મુકી? તેના નામની ગાડી હતી. તેથી ફરીયાદીએ રૂ.૨,૫૦,૦૦૦/- ગીરો મુકેલ, આરોપી વતી ચુકવી તા.૧૮/૮/૨૦૨૧ ના રોજ ચુકવી ગીરો મુકત કરાવેલ તે સમયે ફરીયાદીએ સદર ગીરો મુકત કરાવેલ રકમ પેટે આરોપી પાસેથી સીકયોરીટી પેટે ફરીયાદ વાળો એયુ. સ્મોલ ફાઈનાન્સ બેક,આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ મેળવેલ હતો.જે ખાલી સહી કરી કોઈપણ જાતની વીગતો તારીખ લખ્યા વગર મીત્રતાના સંબંધે આરોપી દ્રારા ફરીયાદીને આપવામાં આવેલ હતો. વધુમાં ફરીયાદી અને આરોપી વચ્ચે નકકી થયેલ કે ગાડીની લોન પુરી થઈ ગયા પછી ગાડી વહેચી ફરીયાદીના નાણા ચુકવાના હતા. ફરીયાદીએ ગાડી તેમના નામે હોવાથી વેચાણ કરી દીધેલ હતી. જેની જાણ ઘણા દિવસો બાદ આરોપીને થયેલ હતી.ત્યારે આરોપીએ ફરીયાદી પાસે તેમનો સહી કરેલો ચેક પરત માંગતા ચેક ઘરે પડેલ હોવાનું જણાવી બે-ત્રણ દિવસ પછી આપવા જણાવેલુ અને ત્યારબાદ ફરીયાદી દ્રારા સદરહુ ચેકમાં ફરીયાદમાં જણાવેલ કારણોસર તેઓ દ્રારા આરોપીને નાણા હાથઉછીના આપેલ હોવાનું જણાવી ચેકમાં તેમના હસ્તાક્ષરમાં વિગતો, તારીખો,રકમ ભરી સદરહું ચેક બેંકમાં રજુ કરી ખોટી રીતે આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલી છે. આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી કયારેય પણ હાથ ઉછીની લોન લીધેલી નથી. ફરીયાદીએ આરોપી દ્રારા આપવામાં સીકયોરીટી પેટે આપવામાં આવેલ ચેકનો દૂરૂઉપયોગ કરવામાં આવેલ છે. વધુમાં આરોપીના વિ.વ.શ્રી તેવી દલીલ કરેલ છે કે, ફરીયાદીએ કયારેય આરોપીએ નાણાં આપેલ નથી, જેથી આ કામના આરોપીને તેઓ વિરૂધ્ધ કરવામાં આવેલ કેસ તદ્દન ખોટો છે, જેમાંથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે તેવી રજુઆત કરેલ છે.

(૧૪.૧) જયારે રીસ્પોન્ડન્ટ નં.૧ ના વિ.વ.શ્રી એમ.કે.જાદવ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે , ટ્રાયલ અદાલતનુ રેકર્ડ વંચાણે લેતા ટ્રાયલ અદાલત દ્વારા ફરીયાદીની ફરીયાદના સમર્થનમાં ફરીયાદીનો મૌખિક પુરાવો રજુ દસ્તાવેજો, ઉલટ તપાસનો પુરાવો તેમજ ટ્રાયલ અદાલતે

ફરીયાદી અને આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી સદર દલીલોના તારણો સાથેના જવાબો કાયદાની જોગવાઇ વિવિધ ચૂકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ટાંકી આરોપીને ધી નેગો.ઇ.એકટની કલમ-૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવી સજા ચેકની રકમ વળતર પેટે ચુકવવા જે હુકમ કરવામાં આવેલ છે તેમાં કોઇ હકીકત કે કાયદાની ભુલ કરેલ હોય તેવુ જણાતુ ન હોઇ ટ્રાયલ અદાલતનો હુકમ કાયમ રાખવા ભારપૂર્વક રજુ આત કરેલ છે.

(૧૫) અપીલ મેમોનાં કારણોઃ-

(૧) નામદાર ખેડાના મહેરબાન એડી.ચીફ. જયુડી. મેજી. સાહેબશ્રી ની કોટમાં ક્રિ.કેસ નં. ૪૭૦/૨૦૨૨ ના કામે અમો એપેલન્ટ (મૂળ આરોપી) સામે કરેલ સજાનો હુકમ તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈઓ અને સિધ્ધાંતો વિરૂધ્ધનો હોઈ રદ થવાને પાત્ર છે.

(૨) નામદાર ખેડાના મહેરબાન એડી.ચીફ. જયુડી. મેજી. સાહેબશ્રી ની કોટમાં ક્રિ.કેસ નં. ૪૭૦/૨૦૨૨ ના કામે કાઢેલ તારણ એકતરફી તેમજ રીસ્પોન્ડન્ટ (મૂળ ફરીયાદી) ને સમર્થન કરતા પક્ષપાતી જણાઈ આવતો હોઈ રદ થવાને પાત્ર છે.

(3) નામદાર ખેડાના મહેરબાન એડી.ચીફ. જયુડી. મેજી. સાહેબશ્રી ની કોટમાં ક્રિ.કેસ નં. ૪૭૦/૨૦૨૨ ના કામે પ્રસ્તુત કામમાં એપેલેન્ટ આરોપી વિરૂધ્ધ પ્રાયમાફેસી ગુનો બનતો ન હોવા છતાં તથા ફરીયાદીની ફરીયાદવાળી હકીકત પણ પુરવાર ન થતી હોવા છતાં તેમજ ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવા પણ ફરીયાદીના કેસને સમર્થન કરતા ન હોવા છતાં નામ કોર્ટે પુરવાનું મુલ્યાંકન કાયદાકીય જોગવાઈઓ અને સિધ્ધાંતો મુજબનું નહીં કરી માત્ર ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવાઓ માનીને અને ખોટું તારણ કાઢી એપેલન્ટ (આરોપી)ને સજા કરતો

ગેરન્યાયિક અને ગેર વ્યાજબી હુકમ કરેલ હોઈ રદ થવાને પાત્ર છે.

(૪) સદર કામના રીસ્પોન્ડન્ટ (મૂળ ફરીયાદી) તથા એપેલેન્ટ (મૂળ આરોપી) વચ્ચે કોઈ નાણાંકીય વ્યવહાર થયેલ હોય કે નાણાંકીય લેવડ દેવડ થયેલ હોય તેવું સમગ્ર ટ્રાયલ દરમ્યાન સ્પષ્ટપણે ફરીયાદી તરફથી પુરા વાક્ય રીતે તેમજ સર તપાસ ધ્વારા પણ સાબિત કરેલ નથી. તેમ છતાં નામ. નડીઆદની કોર્ટે હાલના એપેલેન્ટ (મૂળ આરોપી)ને તકસીરવાર ઠરાવતો હુકમ કરેલ છે જે લીગલ કરેકટ અને પ્રોપર ના હોય રદ થવાને પાત્ર છે.

(૫) તેમજ આ કામના રીસ્પોન્ડન્ટ (મૂળ ફરીયાદી) તેમની ફરિયાદ સાથે રજુ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે આંક-૦૫ થી આંક-૨૫ સુધીના જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે જેમાં આંક-૦૯ વાળા ચેકમાની જે રકમ ભરવામાં આવેલ છે તેમજ ચેકમાંનું જે લખાણ લખવામાં આવેલ છે તેવું કોઈ લખાણ કે રકમ એપેલન્ટ (મૂળ આરોપી)એ રીસ્પોન્ડન્ટને લખી આપેલ નથી. તેમજ ચેકમાં જે સહી છે તેવી કોઈ સહી પણ અમો એપેલન્ટે કરી આપેલ નથી. તેમજ આંક-૦૯ વાળો ચેક કોઈપણ પ્રકારની કાયદેસરની જવાબદારી કે દેવા ચુકવણી પેટે એપેલન્ટ મૂળ આરોપીએ આપેલ નથી.

(૬) નામદાર ખેડાના મહેરબાન એડી.ચીફ. જયુડી. મેજી. સાહેબશ્રી ની કોર્ટમાં ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૧૮,૧૧૯ તથા ૧૩૯ મુજબનું ખોટી રીતે ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી પુરવાર થયેલાનું માની લઈ માત્ર ફરીયાદીની હકીકતોને માની લઈ ફરીયાદી તરફે એક તરફી પુરાવાઓનું મુલ્યાંકન કરી કાયદાના સિધ્ધાંતો અને જોગવાઈઓ મુજબનું પુરાવાઓનું

યોગ્ય મુલ્યાંકન કર્યા સિવાયનું તારણ હોઈ સદર હુકમ રદ થવાને પાત્ર છે.

(૧૬) મુદ્દાઓ:-

આ કામનાં એપેલન્ટ/મુળ આરોપીના વિ.વ.શ્રી ટી.વાય.સૈયદ અને રીસ્પોન્ડન્ટ/મુળ ફરિયાદીના વિ.વ.શ્રી એમ.કે.જાદવ ની રજુઆત સાંભળવામાં આવેલ છે. સદર કામે સદર અપીલનો નિર્ણય કરતા પૂર્વે અપીલનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપિસ્થત થયેલ છે.

-::મુદ્દા::-

૧. શું ટ્રાયલ અદાલતે ફોજદારી કેસ નં.૪૭૦/૨૦૨૨ નાં કામે આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબનાં ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની હુકમ કરેલ છે. તેમજ આરોપીએ ક્રિમીનલ પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર તરીકે રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) ચુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસુર કર્યેથી આરોપીને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે, તે ખોટો, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો છે ?

૨. શું હુકમ?

-::મુદ્દાનાં જવાબ::-

(૧૭) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણય નીચે મુજબ છે .

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ...

::કારણો::

(૧૮) ઉપરોકત મુદ્દાઓના મારા તારણો અને કારણો નીચે મુજબ છે .

<u>મુદ્દા નં.૧</u>

હાલનાં કામે બંને પક્ષકારોની રજુઆતો, ટ્રાયલ કોર્ટ નું રેકર્ડ ધ્યાને લેતા આ કામનાં એપેલન્ટ મુળ કામનાં આરોપી છે અને આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧ તે મુળ કામનાં ફરિયાદી છે. જેથી હવે પછી સદર અપીલના કારણોમાં ચર્ચામાં ટ્રાયલ અદાલત સમક્ષ જે પ્રકારે સંબોધવામાં આવેલ છે તે મુજબ સંબોધન કરવામાં આવે છે .

(૧૯) આ કામે અપીલનો ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા અપીલ કોર્ટ તરીકે આ અદાલતને શું સત્તા પ્રાપ્ત થયેલ છે ? તેની પ્રથમ ચર્ચા કરવી આવશ્યક છે. જયારે પણ ટ્રાયલ કોર્ટ કોઇ પણ પ્રકારની કાર્યવાહી ચલાવી ચુકાદો આપે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે અથવા સજા કરવામાં આવે ત્યારે તે આદેશને ન્યાયોચિત છે કે કેમ? તેની ચકાસણી કરવા માટે અપીલનો પ્રબંધ કરવામાં આવેલ છે . અપીલ તબકકે ફરિયાદપક્ષ તેમજ આરોપી પક્ષને સાંભળવાની તક અપીલ અદાલતે કાયદાની દ્રષ્ટીએ તેમજ કુદરતી ન્યાયનાં સિધ્ધાંતની દ્રષ્ટીએ આપવી આવશ્યક છે . અપીલ અદાલતે ટ્રાયલ કોર્ટે જો કોઇ ભૂલ કરેલ હોય તો સુધારવાની છે અથવા કોઈ ખામી રહી ગયેલ હોય તો નિવારવાની છે અને ન્યાયનો હેતુ જળવાય તે જોવાની અપીલ અદાલતની ફરજ છે. અપીલ કરવા માટે ની જોગવાઇ વિધાન તંત્ર દ્વારા આપવામાં આવેલ કાયદા મુજબનો અધિકાર છે તે સંજોગોમાં અપીલ અદાલતે પોતાની મળેલ સત્તાનું ચુસ્તપણે પાલન કરવુ જોઇએ. અપીલ ચલાવતી અદાલતને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવેલ છે તેમ છતાં સાથે એકરૂપતા જળવાઇ રહે તેવા આશયથી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૮૬ માં જોગવાઇ કરવામાં આવેલી છે. આ કલમ હેઠળ આપેલ સત્તાથી બહાર અપીલ અદાલત જઈ શકે નહી. આ કલમમાં અપીલ અદાલતને અપીલની કાર્યવાહીમાં શું સત્તા છે અને કેવો આદેશ કરી શકે તેવો પ્રબંધ કરવામાં આવેલ છે . સૌ પ્રથમ તો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૩૮૫ હે ઠળ કરવામાં આવેલ જોગાવઈનું પાલન કરવાનું રહે છે. અપીલ અદાલત સંક્ષિપ્ત રીતે અપીલ રદ ન કરે ત્યારે ટ્રાયલ કોર્ટ નું રેકર્ડ અપીલનાં નિર્ણય માટે પહેલા

મંગાવવુ જરૂરી છે. સજાની જામીન અપીલમાં એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટને સાંભળ્યા બાદ અને રેકર્ડની ચકાસણી કર્યા બાદ ટ્રાયલ કોર્ટે આપેલ ચુકાદામાં હસ્તક્ષેપ કરવાનાં પુરતા કારણો નથી તેવા નિર્ણય ઉપર અપીલ અદાલત આવે ત્યારે અપીલ અદાલતે અપીલ રદ કરવાની રહે છે. અપીલ અદાલતે શાં માટે પુરતા કારણો નથી તે કારણની નોંધ પોતાના ચુકાદામાં કરવાની રહે છે. અપીલ અદાલત પુરાવાની અથવા સંપુર્ણ પુરાવાની ફેર ચકાસણી કરી શકે છે અને ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં ભૂલ કરી છે અથવા કાયદા મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ નથી તેવા તારણ ઉપર આવે ત્યારે તેવા પ્રસંગે ટ્રાયલ કોર્ટ નો આદેશ ફેરવી શકે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરી શકે છે. અદાલત વિશેષ તપાસ કરવા માટે અથવા આરોપી સામે નવેસરથી કાર્યવાહી ચલાવવા માટે આદેશ આપી શકે છે અથવા ન્યાયનાં હિતમાં તે આવશ્યક હોય તો જ અપીલ અદાલતે કરવુ જોઇએ કારણ કે એક જ ગુના અંગે બે વખત ઈન્સાફી કાર્યવાહી ચલાવવી ન જ પડે અને આરોપીને નવેસરથી ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવો ન પડે. ટ્રાયલ કોર્ટે તેના સમક્ષ રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરેલ હોય તેને કોઈપણ પ્રકારનાં કારણ વગર કે હળવાશથી લઇ ફેરવી નાંખવુ ન જોઇએ પરંતુ ન્યાયનો હેતુ માર્યો જાય છે તેવુ અદાલતને લાગે તો ટ્રાયલ કોર્ટનાં ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જોઇએ.

(૨૦) સૌ પ્રથમ હાલની અપીલ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના અંગેની હોઈ અને આ તબકકે નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮,૧૪૨ નાં ચુકાદામાં ઉપરોકત ઉલ્લેખ કરવો જરૂરી હોય જે નીચે મુજબ છે .

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts. - Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is

returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offense and and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, [within thirty days] of the receipt of information by him from the Bank regarding the return of the is unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation - For the purpose of this section, "dept or other liability" means a legally enforceable dept or other liability.]

142. Cognizance of offenses.- Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974).

(a) no court shall take cognizance of any offence punishable under Section-138 except upon a complaint, in writing,

made by the payee or, as the case may be, the holder in due course of the cheque ;

(b) such complaint is made within one month of the date on which the cause-of-action arises under clause (c) of the proviso to Section-138 :

[provided that the cognizance of a complaint may be taken by the court after the prescribed period, if the complainant satisfies the court that he had sufficient cause for not making a complaint within such period.]

(૨૧) ઉપરોકત પૂરાવાઓનું વિશ્લેષણ કરતા પૂર્વે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અને ૧૧૮ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી હોય તે નીચે મુજબ છે.

139. Presumption in favour of holder. - It shall be presumed, unless the contrary is proved that the holder of a cheque received the cheque of the nature referred to in Section-138 for the discharge, in whole or in part, or any debt or other liability.

118. Presumptionsas to negotiablei nstruments of consideration.- Until the contrary proved, following presumptions shall be made :-

(a) of Consideration- that every negotiable instrument was made of drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed negotiated or transferred for consideration ;

(b) as to date - that every negotiable instrument bearings date was made or drawn on such date ;

(c) as to time of acceptance - that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity ;

(d) as to time of transfer- that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements-** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon ;

(f) **as to stamps -** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped ;

(g) **that holder is a holder in due course -** that the holder of a negotiable instrument is a holder in due course; provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

(૨૨) ફરિયાદીની તરફેણમાં ઉપર મુજબનું અનુમાન ઉપસ્થિત થતુ હોય તેવા સંજોગોમાં બચાવ પક્ષ તરફે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ-૧૦૧ મુજબ ખંડનાત્મક પુરાવો આપવાની જવાબદારી આવે છે . હાલનાં કામમાં એ ચકાસવુ જરૂરી થઇ પડે છે કે, બચાવપક્ષે ફરિયાદપક્ષની તરફેણમાં ઉપિસ્થત થયેલ અનુમાન અન્વયે ખંડનાત્મક પુરાવો રજુ કરેલો છે કે કેમ? ફરિયાદપક્ષે રજુ કરેલ નામ. સર્વોચ્ચ અદાલતના "રંગપ્પા વિરૂધ્ધ શ્રીહોમન" જે.ટી.૨૦૧૦ (વોલ્યુમ-પ) એસ.સી., પાન નં. ૨૫૯ ના ચુકાદામાં મહત્વપૂર્ણ ચર્ચા કરેલ છે કે , આરોપીએ કેવા પ્રકારનો પુરાવો અને કેવી રીતે રજુ કરવો. તે મુજબ આરોપીએ શંકાથી પર પુરાવો આપવાની જરૂર રહેશે નહી. પરંતુ સચોટ માની શકાય તેવી હકીકતો અને પુરાવા રજુ કરવાના રહે શે તેવુ ઠરાવવામાં આવેલ છે. એટલે કે, આરોપી તરફે અનુમાનનું ખંડન કરવા માટે પુરાવો આપવાની કે સાક્ષિનાં પાંજરામાં પણ આવવાની જરૂરત રહેતી નથી. પરંતુ ફરિયાદ પક્ષે જે પુરાવો રજુ કરે લો છે તેના ધ્ધારા કરી શકે છે. આરોપી ધ્ધારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે .

(૨૩) ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ-૩૮૬ મુજબ અપીલ અદાલતે ટ્રાયલ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવાની અપીલ અદાલતને સત્તા આપવામાં આવેલ છે. ટ્રાયલ અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવાઓ જોવામાં આવે તો ફરિયાદીએ આંક-૧ ની ફરિયાદના સમર્થનમાં આંક-૦૫ થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે જેમા ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરી જણાવેલ છે કે , ફરીયાદી તેઓના પરીવાર સાથે ઉપર દર્શાવેલ નામ સરનારે રહે છે અને ખાનગી નોકરી તથા ખેતી કરી તેઓના પરીવારનું જીવન નિર્વાહ કરે છે. જયારે આ કામના આરોપી અભિષેક ઘનશ્યામભાઇ રાઠોડ નોકરી કરતા હોઈ અને તેઓના મિત્ર થતા, હોઈ અવાર નવાર મળતા હોઈ એક બીજાને મીત્ર તરીકે સારી રીતે ઓળખે છે. આરોપીએ ફરીયાદી પાસેથી આજથી ત્રણ માસ અગાઉ મળેલા અને જણાવેલ કે આ કામના આરોપીને લગ્નના કામ માટે નાણાંની જરૂર હોઈ રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) રોકડા ત્રણ માસ માટે હાથ ઉછીના આપો. જેથી આરોપી ઉપર ફરીયાદીને વિશ્વાસજન્ય સંબંધો હોઈ તેઓની વાત પર ભરોસો રાખી સદર રકમ હાથ ઉછીની આપેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસે હાથ ઉછીની રકમની માંગણી કરતા તેઓની પાસે રોકડા રૂપીયા ના હોઈ તેઓએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમનો " એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક લી., આણંદ " શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ રકમ રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) નો તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ તેઓની સહી કરી આરોપીએ ફરીયાદીને આપેલ અને જણાવેલ કે સદર ચેક બેંકમાં રજુ કરેથી તરતજ સ્વીકારાઇ જશે તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ. જેથી ફરીયાદીએ આરોપી પર વિશ્વાસ રાખી ચેકનો સ્વીકાર કરેલ અને ફરીયાદીએ તેઓની બેંક, બેંક ઓફ બરોડા, ખેડા શાખાના ખાતા નં.૧૩૯૦૦૧૦૦૦૨૧૪૦૦ માં તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ જમા કરાવેલ. જે ચેક નં.૦૦૦૦૦૪ રકમ રૂ.૬,૫૦,૦૦૦/- નો બેંક દ્વારા ચેક અને રીટર્ન મેમો તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ " રીઝન નં. ૫૦-એકાઉન્ટ કલોઝડ " ના શેરા સાથે પરત આવેલો. જેની જાણ

ફરીયાદીને તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ થયેલી. જેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા " હાલમાં અમો નાણાં ભીડમાં હોઇ નાણાંની કોઇ વ્યવસ્થા થઇ શકેલ નથી, તમારે જે કેસ કરવો હોય તે કરી લેજો." તેમ જણાવતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ આર.પી.એ.ડી.થી નોટીસ આપેલ જે તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ મળી ગયેલ હોઇ તેમ છતાં નોટીસ માં દર્શાવેલ પ્રમાણે શરતોનું પાલન નહી કરેલ અને ચેકની રકમ પણ ચુકવેલ નથી. આમ, આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકતો સોગંદ ઉપરનાં પુરાવામાં જણાવેલ છે .

(૨૪) આ કામે ફરિયાદપક્ષે ફરીયાદી વિપુલભાઇ દશરથભાઇ મેઘા નાઓએ આંક-૦૫ થી તેઓનાં રજુ ફરિયાદી મૌખિક પુરાવાનાં સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આંક-૦૯ થી એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક લી.,આણંદ શાખાનો રૂ.૬,૫૦,૦૦૦/- નો ચેક નં.૦૦૦૦૦૪ રજુ કરેલ છે, તેમાં ચેક લખનાર તરીકે આરોપીની સહી છે. ફરીયાદીએ સદર ચેક તેઓના બેંક, બેંક ઓફ બરોડા, ખેડા શાખામાં તા.૨૧/૦૫/૨૦૨૨ના રોજ જમા કરાવેલ તેની ઝેરોક્ષ ડીપોઝીટ સ્લીપ આંક-૧૦ થી રજુ કરેલ છે. વધુમાં સદરહુ ચેક ફરિયાદીએ તેમના બેંક ખાતામાં જમા કરાવતા એકાઉન્ટ કલોઝડના શેરા સાથે પરત આવેલ છે જે રીટર્ન મેમો આંક- ૧૧ થી રજુ કરેલ છે. તેમજ આંક-૧૨ થી ફરિયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા.૦૩/૦૬/૨૦૨૨ નાં રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એડી. મારફતે આપેલ ડીમાન્ડ નોટીસ અને આંક-૧૩ થી નોટીસ આરોપીને આપેલ આર.પી.એડી. થી પોસ્ટ કર્યા અંગની પોસ્ટની વિન્ડો સ્લીપ રજુ કરેલ છે. વધુમાં આંક-૧૪થી આરોપીને નોટીસ ની બજવણી થયેલ જે અંગેનું આર.પી.એ.ડી.થી સ્લીપ રજુ કરેલ છે.

(૨૫) આ કામે ફરિયાદીના આંક-૦૫ ના પુરાવાના સોગંદનામા લગત આરોપી પક્ષના વિ.વ.શ્રીએ ફરિયાદીની ઉલટ તપાસ કરેલ છે જે વંચાણે લેતા, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આરોપી

તેઓના મીત્ર તરીકે કયા સ્થળે મુલાકાત થયેલ અને કેવી રીતે બનેલ તે સંબંધની કોઇ વીગત ફરીયાદમાં જણાવેલ નથી. તેઓએ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તે વાતનો ઇન્કાર કરે છે કે, તેઓ આરોપીને ઓળખતા જ નથી, કે તેઓએ તથા આરોપીએ સાથે મળી ગાડી ખરીદેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ગાડી વીટારા બ્રેઝા તેઓએ તેમની સ્વતંત્ર ખરીદેલી જે આણંદ થી ખરીદેલી. આ ગાડી તેઓએ આણંદ થી ડીલર પાસેથી લીધેલી. આ ગાડી તેઓની પાસે રહેતી અને આરોપીને જરૂરીયાત પડે તો મીત્રતાના નાતે તેઓની પાસેથી ગાડી લઇ જતા હતા. આ ગાડી તેઓએ લોન થી લીધેલી. જે એચ.ડી.એફ.સી બેંકમાંથી લઇ લોન લીધેલી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, આ લોનના હપ્તા તેઓ એકલા ભરપાઇ કરતા હતા. તેઓની ગાડી આરોપી પાસે હતી ત્યારે તેને અન્ય કોઇ વ્યકતી પાસે ગીરો મુકેલી. તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે, તેઓએ જયાં ગાડી છોડાવેલી ત્યારે આ કામના આરોપીએ ૨૫ ટકા રોકડ રકમ ભરેલી અને બાકીની રકમ તેઓના નામે લોન કરાવેલી. તેઓ સ્વીકારે છે કે, સદર ગાડી તેઓની પાસે હતી જે તેઓએ વેચાણ કરી દીધેલ છે. તેઓએ ગાડી લેતી વખતે જે ૨૫ ટકા રોકડ રકમ આરોપીએ ભરેલી તે તેઓએ પરત આપેલ નથી. તેઓ તે વાત નો ઇન્કાર કરે છે કે, આરોપી સાથે તેઓને મીત્રતાના સંબંધ હોય આરોપી તેઓની ગાડી અવાર નવાર લઇ જતો હોય જેથી આરોપીનો કોરો સહી વાળો ચેક તેઓની પાસે રાખેલો.

(૨૫.૧) વધુમાં ફરીયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જયાર થી ગાડી લીધેલ ત્યાર થી આ ગાડી આરોપી પાસે હતી, તેઓને આરોપી પાસે મીત્રતાના સંબંધ હોય આરોપીએ લીધેલ ગાડીની લોન તેઓના નામે કરાવેલી, સદર ગાડીની લોનના હપ્તા આરોપી ભરતા હતા, તેવી સદરહું હકીકત ફરીયાદીએ ઉલટતપાસમાં ઇન્કાર કરેલ છે, તેમજ લોનના હપ્તા તેઓ તેમના ખાતામાંથી ઓનલાઇન ભરતા હતા. વધુમાં એ હકીકતનો ઇન્કાર કરે છે કે, આરોપીએ તેઓની પાસે કયારેય નાણાંની માંગણી કરેલી નથી.

આરોપી જે સ્થળે રહે છે તેની આજુબાજુ કોઇ તેઓના સગા સંબંધી રહેતા નથી. તેઓએ ગાડીની જે લોન લીધેલ તે સાડા ૬ લાખ રૂપીયાની હતી અને તેનો હપ્તો વીસ હજાર રૂપીયા હતો. આરોપીએ તેઓને એયુ.સ્મોલ ફાયનાન્સ બેંકનો ચેક આપેલો. વધુમાં ફરીયાદી તે વાતનો ઈન્કાર કરે છે કે, તેઓને કોરો ચેક આપેલ અને તેમની વીગતો તેઓએ ભરેલી. તેઓએ આરોપીને જે રકમ આપેલી તે રકમ રોકડામાં આપેલી. વધુમાં તે વાતનો સ્વીકાર કરે છે કે, તેઓએ આરોપીને રોકડ રકમ આપેલ તે કયાં સ્થળે આપેલ તે ફરીયાદમાં લખેલ નથી. તેઓએ આરોપીને જે નાણાં આપેલ તે મીત્રતાના નાતે વગર વ્યાજે આપેલા જે રકમ ત્રણ માસમાં આરોપીએ પરત આપવાનું કહેલું. તેઓએ આરોપીને જયારે પૈસા આપેલા ત્યારે આરોપી પાસેથી કોઇ ચેક લીધેલો નહી. વધુમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીનો ચેક પ્રથમીજ તેમની પાસે હતો. આરોપીએ આપેલ ચેક પરત ફર્યા બાદ તેઓએ આરોપીને રૂબરૂ મળવાનો પ્રયત્ન કરેલો. આરોપીએ આપેલ ચેક તેઓ બેંકામાં એકજ વાર ભરેલો જે બેંક ઓફ બરોડા,ખેડા શાખામાં ભરેલો. તે વાત ખરી છે કે, તેઓએ આરોપીને રૂ.૬,૫૦,૦૦૦/- આપેલા તે કઇ તારીખે આપેલા તેવી કોઇ તારીખ ફરીયાદમાં દર્શાવેલ નથી. તેઓએ આરોપીને જે સમયે પૈસા આપેલા તે સમયે આરોપી પાસે ચેકની કોઇ માંગણી કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, આરોપીનો ચેક પ્રથમ થીજ તેઓની પાસે હતો. વધુમાં તેઓ જણાવે છે કે, આરોપીએ આપેલ ચેક પરત ફર્યા બાદ તેઓએ આરોપીને રૂબરૂ મળવાનો પ્રયત્ન કરેલો. તેઓએ ચેક બેંકમાં ભરતા ચેક એકાઉન્ટ કલોઝના શેરા સાથે પરત આવેલો. તેઓના ખાતામાંથી તારીખ ૨૧ અને ૨૨ મે ના રોજ રૂ.૫૦૦ કપાતા તેઓ તે બાબતે બેંકમાં તપાસ કરવા ગયેલ ત્યારે બેંકે તેઓને ચેક પરત ફરેલ. તે અંગેના કપાયેલા હોવાનું જણાવેલું અને તેના બે દિવસ બાદ રીટર્ન મેમો થી ચેક પરત મોકલી આપેલ. વધુમાં તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે, ચેક રીટર્ન થયા બાદ તેઓએ આરોપી પાસે ચેકમાં જણાવેલ મુજબ રકમની માંગણી કરેલ નથી. વધુમાં કહેવાતો

આંક-૦૯ થી રજુ ચેક આરોપીનો નથી, તે વાતનો ઇન્કાર કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, ચેક પરત ફર્યા બાદ આરોપીને નોટીસ આપેલી. તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે, તેઓ જે જગ્યાએ કામ કરતા હતા તે જગ્યાએ આરોપીને તેઓની મુલાકાત થયેલી. આ કામે ફરીયાદપક્ષે તેમનું પુરાવો આંક-૧૭ થી તા.૧૭/૧૧/૨૦૨૨ ના રોજ કલોઝીંગ પુરસીસ થી પુર્ણ કરેલ હોવાનું જણાવેલ છે અને ત્યારબાદ આરોપી ફકત જાતે તથા તેમના સાહેદોનો નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

(૨૬) આ કામે આરોપીપક્ષે આંક-૨૦ થી અભિષેક ઘનશ્યામભાઈ રાઠોડનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, તેમાં તેઓ જણાવે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતાનો સંબંધો હોવાથી ફરીયાદીના નામે આણંદ મુકામે થી સરખા ચોકડી પાસે આવેલ આણંદ મોટર્સ માંથી તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ ત્યાંથી ગાડી લીધેલ હતી. આરોપી પાસે પુરતાં નાણાં ન હોવાથી તેઓએ એચ.ડી.એફ.સી. બેંક માંથી ફરીયાદીના નામે લોન લીધેલ હતી. સદર ગાડીના હપ્તા આરોપી ફરીયાદીના બેંક ખાતામાં ભરતા હતા અને તેઓના બેંક ખાતામાંથી હપ્તા તેઓ ચુકવતા હતા. અમુક વખતે આરોપી ડાયરેકટ એચ.ડી.એફ.સી.બેંક માં જાતે જઈ રૂબરૂ લોનના હપ્તા ભરતા હતા અને કોઈક વાર ગુગલ પે થી પણ ઓનલાઈન ભરેલ છે. સદર ગાડી આરોપીને પાસે જ રહેતી હતી અને જે ગાડી તેઓ તેમના ઘરમાં વપરાશ માં તથા આવવા જવામાં ઉપયોગ કરતા હતા. આરોપીને નાણાની ભીડ પડતા આરોપીના મિત્ર કરણભાઈ મનીષભાઈ દવે નાઓએ તેમની ઓળખાણમાં ગાડી ઉપર આરોપીને રૂ.૨,૫૦,૦૦૦/- આશરે જુલાઈ સને ૨૦૨૧ માં અપાવેલ હતા. તેઓએ અશ્વિનભાઈ પટેલ ને ત્યાં તેઓને ગીરવે મુકેલ હતી. જેની જાણ આ કામના ફરીયાદીને થતાં ફરીયાદીએ જણાવેલ કે, તારે નાણાની જરૂરીયાત હોય તો મને કહેવું જોઈતું હતું ને તે બીજા ને ત્યાં તારી પોતાની ગાડી ગીરવે કેમ મુકી તારે નાણાની જરૂરીયાત હોય હું આપવા તૈયાર છુ એમ કહી

તેઓએ અમોને જણાવેલ કે તે ગાડી કેટલા રૂપિયામાં ગીરે મુકેલ છે. જેથી આરોપીને રૂ.૨,૫૦,૦૦૦/- માં ગાડી ગીરવે મુકેલ હોવાનું જણાવતા ફરીયાદીએ કહેલ કે, ગાડી તેઓના નામાની છે અને કાલે કાંઇક અણબનાવ બનશે તો તેઓના માથે આવશે. જેથી ફરીયાદીએ આરોપીની ગાડી તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ તેઓના મિત્રના ઓળખાણ વારી વ્યકિત ને ત્યાંથી તેઓને ગાડી છોડાવી આપેલ અને તે વ્યકિતને આરોપી વતી રૂ.૨,૫૦,૦૦૦/- પુરા ચુકવેલ હતા. જે સમયે આ કામના ફરીયાદી એ આરોપી પાસેથી સિકયોરીટી પેટે એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ આપેલ હતો.જેમાં આરોપીએ માત્ર તેમની સહી કરી, કોઇપણ જાતની તારીખ, વિગત, કે રકમ ન ભરી મિત્રતાના સંબંધે આપેલ હતો. જે ફરીયાદીએ આંક-૯ થી રજુ કરેલ છે. સદર ગાડી ગીરે છોડાવતી વખતે તેઓ બંને જણા વચ્ચે નકકી કરેલ કે ગાડી ની લોન પુરી થઇ જાય ત્યારબાદ ગાડી વેચાણ કરીને ફરીયાદીને નાણા ચૂકવાના હતા, પરંતુ ગાડી ફરીયાદીના નામે હોવાથી ફરીયાદીએ આરોપીને કોઇ પણ જાતની જાણ કર્યા વગર સદર ગાડીની વેચાણ કરી દીધેલ હતી અને જેની જાણ આરોપીને ઘણા દિવસો બાદ થયેલ હતી. જેથી આરોપી એ ફરીયાદીનો સંપર્ક કરતા ફરીયાદીએ ઉદ્ધતાઇ ભર્યું વર્તન કરવા લાગેલા અને ફરીયાદી આરોપીને જાણતાં ન હોય તેવું વર્તન કરવા લાગેલા અને મનફાવે તેમ બોલતા હતા. ફરીયાદીએ તેમના વકીલ શ્રી દ્વારા તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ આરોપીને નોટીસ મોકલેલ. જેમા આરોપીને જાણ થયેલ કે, તેઓએ આપેલ સીકયોરીટી પેટે ચેક રીટર્ન થયેલ છે. જેમાં ફરીયાદીએ રૂ.૬,૫૦,૦૦૦/- ની રકમનો ભરેલ છે. જેથી ફરીયાદીનો સંપર્ક કરતા તેઓએ કોઇ જવાબ આપેલ નહીં જેથી તેઓ જયાં કામ કરતા હતાં ત્યાં તેઓના એક બીજા મિત્ર સાથે ગયેલ ત્યારે ફરીયાદી એ તેઓની સાથે ઉદ્ધતાઇથી વર્તન કરી તેઓને ત્યાંથી જતા રહેવા જણાવેલ અને કહેલ કે તારે મને ચેકમાં લખેલ રકમ મુજબ રૂ.૬,૫૦,૦૦૦/- આપવા પડશે, નહી તો તને જેલ ની હવા ખવડાવીશ. જેથી આરોપીને તેઓની પાસે સમાધાનની વાત કરેલ પરંતુ ફરીયાદી

માનેલ નહી અને છેલ્લે આરોપી પાસે ત્રણ લાખ તો લઇશ, નહી તો તને જેલની હવા ખવડાવીશ.જયારે આરોપીને ગાડીની વાત કરે ત્યારે ફરીયાદીએ કહેલ કે ગાડી કેવી અને વાત કેવી એ તો મારી ગાડી હતી જે મારે નામે હતી જેથી કરી મેં એ ગાડી વેચાણ કરી દીધેલ છે.જેની તારે કોઇ જાણકારી લેવાની જરૂર નથી અને વધુમાં જણાવેલ કે, લોનના હપ્તા મેં ભરેલ છે અને ગાડી વેચી દીધેલ છે કે જેથી કરી કાલે તુ તેના ઉપર હકક દાવો ન કરે તેમ કહી તેઓને ત્યાંથી જતા રહેવા જણાવેલ. આમ ફરીયાદીને આપેલ સીકયોરીટી પેટે આપેલ ચેક નો ફરીયાદીએ રૂ.૬,૫૦,૦૦૦/- ની રકમ ભરી ચેકનો મીસયુઝ કરેલ છે.

(૨૬.૧) આ કામના આરોપીની ફરીયાદીના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ ફરીયાદીને છેલ્લા છ સાત વર્ષ થી ઓળખે છે.તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે, ફરીયાદી વિપુલભાઇએ બ્રીજા ગાડી તેમના નામે ખરીદ કરેલ હતી.તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, તેઓની સરતપાસમાં ફરીયાદીના નમે ગાડી ખરીદ કરેલ તેવી હકીકત લખેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે, આ ગાડીની લોન ફરીયાદીના નામે હતી એટલે ગાડીનો માલીક ફરીયાદી કહેવાય. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ગાડી તેઓના નામે ન હોવા છતાં ફરીયાદીની સંમતી વગર તે ગાડી ગીરો મુકી તેઓએ રૂ.૨,૫૦,૦૦૦/- પૈસા લીધેલ. તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે, તેઓને લગ્ન માટે તેઓએ આ ગાડી ગીરો મુકી તેઓઅ પૈસા લીધેલ અને બાકીની રકમ તેઓને વિપુલભાઇએ આપેલ. તેઓએ વાતનો સ્વીકાર કરે છે કે, ગાડી ગીરો મુકી પૈસા લીધેલ તે પૈસા વિપુલભાઇએ આપીને ગાડી છોડાવેલ. તેઓ એ વાતનો અસ્વીકાર કરે છે કે, ફરીયાદીએ આરોપીના લગ્નના ખર્ચ તથા ગીરો મુકેલ ગાડી છોડાવવાના અમે બધા કુલ રૂ.૬,૫૦,૦૦૦/- આપેલ. તેઓતે હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ કામના ફરીયાદીને એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેંક લી. આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ વાળો તેઓની સહીવાળો ચેક આપેલો. તેઓએ વાતનો અસ્વીકાર કરે છે કે, તેઓએ આપેલ ચેકવાળુ બેંક ખાતુ બંધ હતુ. તેઓ વધુમાં જણાવે છે કે,

વિપુલભાઇને પૈસા આપવાના હતા એટલે તેઓની સહી વાળો ચેક તેઓએ વિપુલભાઇને આપેલ.ચેક બેંકમાં ભરતા રિટર્ન થયેલ હોય ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તેઓને આર.પી.એડી.થી નોટીસ બજાવેલી. નોટીસ મળવા છતાં તેઓએ કોઇ લેખીત જવાબ આપેલ નહી. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓને નોટીસ આપેલ ત્યારે તેઓના ચેકનો મીસયુઝ થયેલ છે તેવી કોઇ ફરીયાદ તેઓએ ફરીયાદી વિરુધ્ધ આપેલ નથી. તેઓ જણાવે છે કે, તેઓએ સરતપાસના સોગંદનામામાં નાણા ભીડ પડેલ હોવાનું લખાવેલ છે તે સને ૨૦૨૦માં નાણાં ભીડ પડેલ.

(૨૭) આ કામે આરોપીપક્ષે સાહેદ આંક-૨૪ થી ઇમરાનખાન અયુબખાન પઠાણ નાઓને તપાસેલા છે, તેઓ તેમના સરતપાસમાં જણાવે છે કે, તેઓ એચ.ડી.એફ.સી, બેંક નડીઆદમાં છેલ્લા ૮ મહીનાથી આસિસ્ટન્ટ મેનેઝર તરીકે ફરજ બજાવે છે. તેઓ આજરોજ આંક-૨૫થી તેઓની સાથે ગાડી નં.જી.જે.૦૭.ડી.એ.૧૧૨૭ નંબર વાળી ગાડીનું બેંક સ્ટેટમેન્ટ લઇને આવેલ છે. આ સ્ટેટમેન્ટમાં મોબાઇલ નંબર, ખાતા નંબર, સરનામુ, તથા લોન આપ્યા તારીખનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સ્ટેટમેન્ટમાં કેટલા ઇન્સટોલમેન્ટ ભર્યા છે અને કેટલા બાઉન્સ થયા છે તે માહીતી આપેલ છે.

(૨૭.૧) આ કામે ઉપરોકત સાહેદની ફરીયાદીના વિ.વ.શ્રી મારફતે તપાસવમાં આવેલા, જેમાં તેઓ તેમની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગાડી નં.જી.જે.૦૭.ડી.એ.૧૧૨૭ ની લોન લેવામાં આવેલ તે લોન વિપુલભાઇ દશરથભાઇ ના નામથી લીધેલ જે ભરપાઇ થઇ ગયેલ છે.

(૨૮) આ કામે આરોપીપક્ષે સાહેદ આંક-૨૮ થી કરણકુમાર મનીષકુમાર દવેને તપાસેલા છે, તેઓ તેમની સરતપાસની સોગંદનામામાં જણાવે છે કે, આ કામના ફરીયાદી તથા તો.દાર નાઓ તેઓની સાહેદ ના મિત્રતાના સંબંધો હોવાથી સાહેદ આ કામના બંને પક્ષકારો ને સારી રીતે ઓળખે છે. આ કામના ફરીયાદીની નામે આ કામના તો.દારે સામરખા ચોકડી પાસે આવેલા આણંદ મોટર્સ માંથી

તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ ત્યાંથી ગાડી લીધેલ હતી. જે ગાડી વીટરા બ્રેઝા જે મારતી સુઝુકી કંપની ની હતી જે ગાડી લેવા માટે સાહેદ પણ સાથે ગયેલા હતા, જેની ઉપર લોન એચ.ડી.એફ.સી. બેંકમાંથી આ કામના ફરીાયદીના નામે લીધેલ હતી. આ કામના તો.દારે આક કામના ફરીયાદીને તેઓના નામે ગાડીની લોન લીધેલ હોવાથી તેઓને લોનની રકમ ના હપ્તા રોડકા ચુકવતા હતા, જેની જાણ તેઓને છે. ત્યારબાદ આ કામના આરોપીને નાણાંની ભીડ પડતા તેમના મિત્રને ત્યાં રૂ.૨,૫૦,૦૦૦/- ગાડી ગીરો મુકી પૈસા લીધેલ હતા. જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ રૂ.૨,૫૦,૦૦૦/- તે વ્યકતીને પુરા ચુકવેલ જેની જાણ સાહેદ ને છે. આરોપીએ ફરીયાદીને સીકયોરીટી પેટે પોતાની બેંક એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ આપેલ હતો જે કોરો હતો જેમાં તેમણે ફકત પોતાની સહી કરી આપેલ હતી જેમાં કોઈપણ જાતનું લખાણ લખેલ હતું નહી.

(૨૮.૧) ફરીયાદપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલ્ટતપાસમાં જણાવે છે કે, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીએ આણંદ મોટર્સ જે સામરખા ચોકડી પાસે આવેલ છે તેમાંથી વીટારા બ્રેઝા ગાડી ખરીદેલ અને તેની લોન એચ.ડી.એફ.સી. બેંક માં કરાવેલ હતી. તેઓ વધુમાં જણાવે છે કે, હાલના ફરીયાદીની માલીકીની સદર ગાડી આરોપીએ અશ્વિવનભાઇ પટેલને ત્યાં રૂ.૨,૫૦,૦૦૦/- માં ગીરવે મુકેલી. તેઓ તે વાતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદીને તે બાબતની જાણ થતા તેઓએ રૂ.૨,૫૦,૦૦૦/- અશ્વિનભાઈ પટેલને આપી અભિષેકભાઈ ઘનશ્યામભાઈ રાઠોડે મુકેલ ગીરવે ગાડી મુકત કરાવેલ. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના આરોપીએ તેઓની બેંકનો એ.યુ.સ્મોલ ફાયનાન્સ બેંક આણંદ શાખાનો ચેક નં.૪ તેઓની સહીવાળો ફરીયાદીને આપેલ હતો.

(૨૯) આ કામે આરોપીપક્ષે સાહેદ આંક-૩૦ થી ફૈઝાનભાઇ આરીફભાઇ વહોરા ને તપાસેલા છે, તેઓ તેમની સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, આ કામના ફરીયાદી તથા તો.દારનાઓ સાહેદના મિત્રતાના સંબંધો હોવાથી સાહેદ આ કામના બંને પક્ષકારોને સારી

રીતે ઓળખે છે. આ કામના ફરીયાદીની નામે આ કામના તો.દારે સામરખા ચોકડી પાસે આવેલ આણંદ મોટર્સ માંથી તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ ત્યાંથી ગાડી લીધેલ હતી. જે ગાડી લેવા સાહેદ પણ સાથે ગયેલ હતા. આ કામના તો.દાર આ કામના ફરીયાદી ને તેઓના નામે ગાડીની લોન લીધેલ હોવાથી તેઓને લોનની રકમ ના હપ્તા રોકડા ચુકવતા હતા. આ કામના તો.દારને નાણાની ભીડ પડતા તેઓ એ સદર ગાડી તેમના મિત્રને ત્યાં રૂ.૨,૫૦,૦૦૦/- માં ગીરવે મુકેલ હતી. જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીના નામે ગાડી હોવાના કારણે ફરીયાદીને જયાં આ કામના તો.દારે ગાડી ગીરવે મુકેલ ત્યાં તેને લઇ ગયેલ અને તેઓને આ કામના ફરીયાદીએ રૂ.૨,૫૦,૦૦૦/- ચુકવેલ હતા અને ગાડી ફરીયાદીએ પોતાની પાસે પોતાના ઘરે સામાજીક પ્રસંગ હોવાના કારણે રાખેલ. જે ગીરો ગાડી પરત માંગતા ફરીયાદીએ જણાવેલ કે, ગીરો ની રકમ તેઓએ ચુકવેલ છે, તે રકમ ભરી ગાડી પરત લઇ જજો. આરોપીને ફરીયાદીને એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ આપેલ છે. જે ચેકમાં ખાલી સહી કરી બ્લેન્ક ચેક ગીરો મુકી, ગાડી છોડાવી આપેલ જેની રકમ સિકયોરીટી પેટ આપેલ હતી. ત્યારબાદ સદર ગાડી ફરીયાદીના નામની હોવાથી તેઓએ ગાડીનું વેચાણ કરી દઇ, આ વિષે આરોપીને કોઇ પણ જાતની જાણ ન કરીને અને તેઓને કોઇપણ જાતનો સંતોષકારક જવાબ ન આપીને તેઓ પાસે રહેલ સીકયોરીટી પેટેનો ચેક બેંકમાં જમા કરાવી, ચેક રીટર્ન કરવી જેલની હવા ખવડાવીશ તેમ કહેલ.

(૨૯.૧) આ કામના ઉપરોકત સાહેદની ફરીયાદીના વિ.વ.શ્રી એ કરેલ ઉલટતપાસની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તે વાતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદી અને આરોપી બંને મીત્રો થતા હતા. ફરીયાદીની ગાડી આરોપીને ત્યાં રહેતી હતી. આરોપીને અન્ય ત્રાહીત ને ત્યાં ગીરો થી મુકેલ. આરોપીએ ફરીયાદીની ગાડી ગીરો મુકેલ જેની રકમ ફરીયાદીએ ચુકવી પરત મેળવેલી. તેઓ વધુમાં જણાવે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને એયુ સ્મોલ ફાઇનાન્સ,આણંદ શાખાનો ચેક

નં.૦૦૦૦૦૪ આપેલો અને એ સમયે તેઓ હાજર હતા અને તે સમયે આરોપીએ તેઓની રૂબરૂ સહી કરીને ચેક આપેલો.

(૩૦) આ કામે ફરીયાદપક્ષના રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવા તેમજ ફરીયાદીને આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ અને આરોપીએ આંક-૨૦ થી જાતે આપેલ સોગંદ ઉપરની જુબાની તે લગત ફરીયાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ તેમજ આરોપીપક્ષનાં આંક-૨૪ ના સાહેદ ઇમરાજખાન અયુબખાન પઠાણ કે જેઓ એચ.ડી.એફ.સી બેંકમાં આસીટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે તેમનો મૌખીક પુરાવો તેમજ આંક-૨૫ થી રજુ કરેલ લોનનું સ્ટેટમેન્ટ અને આરોપીપક્ષે તપાસેલા આંક-૨૮ ના સાહેદ કરણકુમાર મનીષકુમાર દવેના પુરાવાનું સોગંદનામું અને લગત ફરીયાદપક્ષે કરેલ ઉલટતપાસ તેમજ આરોપીપક્ષના સાહેદ આંક-૩૦ ફૈઝાનભાઇ આરીફભાઇ વહોરાનું પુરાવાનું સોગંદનામું અને ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ના પુરાવાની સંયુકત મુલવણી કરવામાં આવે તો ફરીયાદી અને આરોપી બંને મીત્ર થતા હોવા બાબતની હકીકત બીન તકરારી છે. આ કામે આરોપીના બચાવ મુખ્ય મુજબ આણંદ મુકામે થી સામરખા ચોકડી પાસે આવેલ આણંદ મોટર્સ માંથી તા.૨૦/૨/૨૦૨૦ ના રોજ વિટારા બ્રીજા મારુતી સુઝીકી કંપનીની ગાડી તેઓએ ફરીયાદીના નામે એચ.ડી.એફ.સી બેંકમાંથી લોન લઇ ખરીદ કરેલી. સદર હકીકતને આંક-૨૪ ના સાહેદ ઇમરાનભાઇ અયુફભાઇ પઠાણના મૌખીક પુરાવા અને આંક-૨૫ થી રજુ બેંક સ્ટેટમેન્ટ વંચાણે લેતા ગાડી ફરીયાદીના નામે લોનથી ખરીદ કરેલ હોવાની હકીકતને દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળેલ. સદરહું ફરીયાદીના નામે ખરીદ કરેલ ગાડીનો કબજો આરોપી પાસે હતો તે હકીકતનો ફરીયાદી ઇન્કાર કરે છે, તેમજ ઉલટતપાસમા જણાવે છે કે, ગાડી તેમની પાસે રહેતી અને આરોપીને જરુર પડે ત્યારે મીત્રતાના નાતે તેમની પાસેથી લઇ જતા હતા. જયારે આરોપી તેમની ઉલટતપાસમાં ગાડી ફરીયાદી પાસે રહેતી હોવાની હકીકતનો ઇન્કાર કરે છે. આરોપી પક્ષે તપાસેલા આંક-૨૮ ના સાહેદ કરણકુમાર મનીષભાઇ દવે તેમની ઉલટતપાસમાં

ફરીયાદીએ આરોપીને તેમની વીટારા બ્રીજા ગાડી ફેરવા આપેલ હોવાની હકીકતનો સાહેદ ઈન્કાર કરે છે. જયારે આંક-૩૦ ના આરોપી પક્ષના સાહેદ ફેઝાનભાઈ આસીફભાઈ વહોરા ફરીયાદીની ગાડી આરોપીને ત્યાં રહેતી હતી તેવું ફરીયાદી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે. આમ આરોપીના બચાવના સમર્થનમાં રજુ સાહેદની ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલતપાસમાં ફરીયાદીના નામવાળી ગાડી આરોપીને ત્યાં રહેતી હોવાનું ઉલટતપાસના પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે આરોપીના બચાવ મુજબ તેઓએ સદરહું ગાડી ફરીયાદીના નામે એચ.ડી.એફ.સી બેંકમાંથી લોન ઉપર ખરીદ કરેલી અને સદરહું ગાડી ખરીદ કરતી વખતે ૨૫ ટકા રકમ આરોપીએ ભરેલી તેવી હકીકતનો ફરીયાદી પ્રથમ ઉલટતપાસમાં ઈન્કાર કરી ત્યારબાદ તેઓ ગાડી લેતી વખતે જે ૨૫ ટકા રોકડ રકમ આરોપીએ ભરેલી તે તેને પરત આપેલ નથી તે હકીકતનો ફરીયાદી ઉલટતપાસમાં સ્વીકાર કરે છે. જે ફરીયાદીની ઉલટતપાસમાં ઉપરોકત હકીકત ધ્યાને લેતા આરોપીના બચાવ મુજબ જે તે સમયે ગાડી ફરીયાદીના નામે ખરીદ કરવામાં આવેલી અને ત્યારે ૨૫ ટકા રકમ આરોપીએ ભરેલી. જે રકમ ફરીયાદીએ આરોપીને પરત આપેલ નથી અને સદરહું ગાડીનો કબજો આરોપી પાસે રહેતો હતો અને આરોપીને નાણાંની જરૂર પડતા ફરીયાદીના નામની ગાડી આરોપીએ તેમના મીત્ર કરણભાઈ મનીષભાઈ દવે ના ઓળખાણથી અશ્વીનભાઈ પટેલ ને ત્યાં મરોડ મુકામે ગીરો મુકેલ અને રૂ.૨,૫૦,૦૦૦/- લીધેલા જેની ફરીયાદીને જાણ થતાં ફરીયાદી એ ગાડી તેમના નામની હોય આરોપી દ્વારા ગીરો મુકવામાં આવેલ ગાડી જે તે ગીરો રાખેલ વ્યકતીને રૂ.૨,૫૦,૦૦૦/- ચુકવી ગીરો મુકત કરાવેલી, તેવી હકીકત આરોપી ના ફરીયાદી પક્ષે કરવામા આવેલ ઉલટતપાસ તેમજ આરોપીના સાહેદોની ફરીયાદીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાંથી રેકર્ડ ઉપર આવે છે અને સદરહું ફરીયાદીના નામની ગાડી જે એચ.ડી.એફ.સી બેકમાંથી લોનથી લીધેલી જે સમયે ૨૫ ટકા રકમ આરોપીએ ભરેલી અને સરદહુ ગાડીનો કબજો તેમની પાસે હતો

અને તેઓની નાણાની જરૂરીયાત સદરહું ગાડી રૂ.૨,૫૦,૦૦૦/- અશ્રીનભાઇ પટેલ ને ત્યાં ફરીયાદીના નામની ગાડી ગીરો મુકેલી જેની ફરીયાદીને જાણ થતાં ફરીયાદીએ સદરહું ગાડી અશ્રીનભાઇ પટેલને ત્યાંથી રૂ.૨,૫૦,૦૦૦/- ચુકવી ગીરો મુકત કરાવેલી. ત્યારબાદ સદરહુ રૂ.૨,૫૦,૦૦૦/- ની રકમ જે ફરીયાદીએ અશ્રીનભાઇ પટેલ ને ગીરો મુકત કરાવતા ચુકવેલી તે આરોપીને પાસેથી કાયદેસરની લેણી નીકળતી રકમ અનુંસંધાને આરોપી પાસેથી સીકયોરીટી પેટે એયુ.સ્મોલ ફાઇનાન્સ બેંક, આણંદ શાખાનો ચેક નં.૦૦૦૦૦૪ મેળવેલો જે આરોપીએ ફરીયાદીને આપેલો અને સદરહું ચેકમાં જે તે સમયે કોઇ વીગતો ,તારીખ કે રકમો ભરવામાં આવેલ નહી તે ચેકમાં આરોપી દ્વારા રૂ.૬,૫૦,૦૦૦/- તેઓએ આરોપીને લગ્ન ના કામ માટે જરૂર હોય ત્રણ માસ માટે હાથઉછીના આપેલા તેવું જણાવી હાલની ફરીયાદ કરેલી.

(૩૦.૧) આરોપીપક્ષનો બચાવ ધ્યાને લેતા આરોપીએ જાતે થતા તેમના તરફે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાથી અને તેમના સાહેદોની ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસથી વીટારા બ્રીજા ગાડી ફરીયાદીના નામે ખરીદ કરવામાં આવેલ તે સમયે ફરીયાદીએ ૨૫ ટકા નાણા ચુકવેલી અને એચ.ડી.એફ.સી બેંકમાંથી લોન કરેલી અને તે ગાડીનો કબજો આરોપી પાસે હતો. જેથી તેઓને નાણાંની જરુરીયાત હોય અશ્રીનભાઇ પટેલને ત્યાં સદરહું ગાડી રૂ.૨,૫૦,૦૦૦/- મેળવેલા જેની જાણ ફરીયાદીને થતા તેઓએ ગીરો રાખનાર અશ્રીનભાઇ પટેલને ચુકવી. ગાડી તેમના નામ હોય કોઇ અઘટીત બનાવ ન બને તે માટે ગાડી ગીરો મુકત કરાવેલ અને તે સમયે આરોપી પાસેથી ગીરોની રકમ પેટે ફરીયાદવાળો ચેક કોરો સહી કરેલો મેળવેલો તેવો આરોપીપક્ષનો બચાવ રેકર્ડ ઉપરના રજુ ફરીયાદીની ઉલટતપાસ અને આરોપીની જુબાનીની ઉલટતપાસ અને આરોપીના સાહેદોનો પુરાવો ધ્યાને લેતા માની શકાય તેવો પુરાવો હોય ત્યારે આરોપી દ્વારા લીધેલ બચાવ ગળે ઉતરી શકે તેવો માની શકાય તેવો પુરાવો આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ હોય ત્યારે

નેગો.ઇન્સુ.એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ ની જોગવાઇ અનુસંધાને ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ અનુમાન અદ્રશ્ય થઇ જાય છે. અને આરોપી દ્વારા રજુ પુરાવાનું ખંડનાત્મક પુરાવો અનુસંધાને ફરીયાદપક્ષ તરફ પુરાવાનો બોજો ખસે છે અને ફરીયાદપક્ષ ફરીયાદના વ્યવહાર અને આરોપી તરફેના રજુ ખંડનાત્મક પુરાવો બોજો ફરીયાદપક્ષના સીરે હોય ત્યારે આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપીના રજુ પ્રોબેબલ બચાવ અનુસંધાને કાયદાનું અનુમાન અદ્રશ્ય થયેલ હોય ત્યારે તેમના તરફ ખસેલ પુરાવાના બોજાનું વહન ફરીયાદપક્ષ કરી શકેલ ન હોય ત્યારે ટ્રાયલ અદાલત દ્વારા તેમના આંક-૩૫ ના ચુકાદામાં સદર આરોપી પક્ષ દ્વારા રજુ પુરાવાનું નામ.સર્વો.અદાલતના ચુકાદામાં પ્રસ્થાપીત સીધ્ધાંત અનુસંધાને મુલ્યાંકન કરી ફરીયાદપક્ષના રજુ પુરાવાનો આરોપીપક્ષ દ્વારા ખંડનાત્મક પુરાવો એટલે કે, આરોપીએ ગાડીની લોન ફરીયાદીના નામે લીધેલી તે સમયે ૨૫ ટકા રકમ ભરેલી અને ગાડીનો કબજો તેમની પાસે હતો જે તેઓએ નાણાની જરૂરીયાત પડતા અશ્વીનભાઇ પટેલ નામની વ્યકતી પાસે ગીરો મુકેલી જેની જાણ ફરીયાદીને થતા આરોપી દ્વારા ગીરો મુકવામાં આવેલ તેમના નામની ગાડી કોઇ અઘટીત બનાવ ન બને તેથી ગીરો રાખનાર અશ્વીન પટેલને રૂ.૨,૫૦,૦૦૦/- ગીરોની રકમ ચુકવી ગાડી ગીરો મુકત કરાવેલ અને ત્યારબાદ તેઓએ સદરહુ ગાડીનું વેચાણ પણ કરી દીધેલ અને સદરહું ગીરોની રકમ આરોપી પાસેથી લેણી થતી હોય તે પેટે આરોપીએ ફરીયાદવાળો કોરો ચેક જે તે સમયે માત્ર સહી કરીને કોરો આપેલો તેમાં ફરીયાદીએ તારીખ, રકમ નામ અને વીગતો ભરી સદરહુ ચેક બેંકમાં ભરી રીટર્ન કરાવી નોટીસ આપી હાલની ફરીયાદ કરેલી. આમ સદરહું રેકર્ડ ઉપરના ફરીયાદપક્ષના રજુ પુરવાના અનુસંધાને રજુ ખંડનાત્મક પુરાવો એટલે કે માની શકાય તેવો બચાવ ટ્રાયલ અદાલતે લીધેલ નથી અને માત્ર ફરીયાદીના પુરાવાને ધ્યાને લઇ ફરીયાદી દ્વારા આરોપીના પુરાવાનું ખંડન કરેલું હોય તેવો ખંડનાત્મક પુરાવો કે જેના આધારે ફરીયાદપક્ષને કાયદાનું ઉપસ્થીત થયેલ અનુમાન અદ્રશય થયેલ હોય ફરીયાદપક્ષે આરોપીના

પુરાવવાના અનુસંધાને તેમના શીરે હોવા છતાં કોઈ જ પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે ટ્રાયલ અદાલતે રેકર્ડ ઉપરના સરદહું પુરાવા ધ્યાને ન લઈ કાયદા અને હકીકતની ભુલ કરેલ હોય ત્યારે ટ્રાયલ અદાલતે આરોપીને ધી નેગો.ઇન્સુ.એકટની કલમ ૧૩૮ ની જોગવાઈ હેઠળ તકસીરવાન ઠરાવી એક વર્ષની સજા અને ચેકની રકમ ફરીયાદીને ચુકવી આપવાનો હુકમ રદ થવાને પાત્ર હોય જેથી ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા મુદા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

//આખરી હુકમ//

૧. ફોજદારી અપીલ નં.૨૬૯/૨૦૨૫ આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. ખેડાના મહેરબાન એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૪૭૦/૨૦૨૨ ના કામે એપેલન્ટ/મુળ આરોપી **અભીષેક ઘનશ્યામભાઈ રાઠોડ રહે.૨૪-શ્રીરજ સોસાયટી, પાયલ કોમ્પ્લેક્ષ સામે, મુ. આણંદ, જી.આણંદ** નાઓને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનાં ગુના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની હુકમ કરેલ છે. તેમજ આરોપીએ ક્રિમીનલ પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર તરીકે રૂ.૬,૫૦,૦૦૦/- (અંકે રૂ. છ લાખ પચાસ હજાર પુરા) ચુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી વળતરની રકમ ચૂકવવામાં કસુર કર્યેથી આરોપીને વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે, જે હુકમ આથી રદ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી **અભીષેક ઘનશ્યામભાઈ રાઠોડ રહે. ૨૪-શ્રીરજ સોસાયટી, પાયલ કોમ્પ્લેક્ષ સામે, મુ. આણંદ, જી.આણંદ** ને ભારતીય ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ - ૨૫૫(૧) અન્વયે ધી

નેગો.ઈન્સ્યુ.એકટની કલમ-૧૩૮ ના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અપીલ અદાલતે આંક-૪ ની અરજી લગત તા.૧૭/૦૫/૨૦૨૫ નાં રોજ સ્ટે નો કરેલ હુકમ આથી ઉઠાવી લેવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આ કામે એપેલન્ટ/આરોપીએ સદર અપીલના હુકમ સામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અપીલ રીવીઝન થાય તો અનવયે ના બી.એન.એસ.એસની કલમ-૪૮૧ની જોગવાઇ અન્વયે રૂ.૧૫,૦૦૦/- ના સદર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૬. આ કામે એપેલન્ટ/મુળ આરોપીએ અપીલના કામે ધી.નેગો.ઈન્સ્યુ.એકટની કલમ-૧૪૮(૧) અન્વયે વચ્ચગાળાના હુકમ અન્વયે જો કોઈ ડીપોઝીટની રકમ જમા કરાવેલ હોય તો અપીલના અનુસંધાને નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અપીલ રીવીઝનનો સમય પુર્ણ થયા બાદ એપેલન્ટ/મુળ આરોપીને ઓળખની ખરાઈ કરી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૭. ફોજદારી કેસ નં.૪૭૦/૨૦૨૨નું અસલ રેકર્ડ ટ્રાયલ અદાલતે સદર અપીલની ખરી નકલ સાથે પરત મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે .

હુકમ આજરોજ તા.૦૪ મી, માહેઃ- જુન, સને-૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૪/૦૬/૨૦૨૬ **(રામેશ્વર જીતેન્દ્રભાઈ મીરાણી)**

નડીયાદ. પાંચમાં અધિક સેશન્સ જજ,

કોડ નં.જીજે-૦૦૭૪૯.

સ્થળ:- નડીયાદ.